# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15-01-2026 MIDDAY: 1.20 TO 1.30

Day : THURSDAY National News

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતે વિશ્વ સમક્ષ લોકશાહીનું ચુસ્ત પણે અનુસરણનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમના બે દિવસના રાજ્ય પ્રવાસ પર પંજાબ પહોંચ્યા
3. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના અમદાવાદમાં ગુજરાતી ભાષામાં પ્રકાશિત આદિ શંકરાચાર્યજીની ગ્રંથાવલિનું વિમોચન કર્યું
4. પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદના ફરક્કા ખાતે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝનની સુનાવણી શિબિરમાં થયેલી હિંસક ઘટના બાદ ચૂંટણી પંચે કાનૂની કાર્યવાહી શરૂ કરી
5. અમેરિકા સાથે તણાવ વધી રહ્યો હોવાથી ઈરાને આજે હવાઈ ક્ષેત્રને બંધ કરવાનો આદેશ લંબાવ્યો

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## DAY PM-CSPOC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતે વિશ્વ સમક્ષ લોકશાહીના ચુસ્ત પણે અનુસરણનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. ભારતે દર્શાવ્યું છે કે લોકશાહી સંસ્થાઓ અને લોકશાહી પ્રક્રિયાઓ લોકશાહીને સ્થિરતા, ગતિ અને સ્કેલ આપે છે.

આજે નવી દિલ્હીના સંવિધાન સદનમાં કોમનવેલ્થના સ્પીકર્સ અને પ્રિસાઇડિંગ ઓફિસર્સનની પરિષદને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, સરકાર કોઈપણ ભેદભાવ વિના દરેક વ્યક્તિ માટે જન કલ્યાણની ભાવના સાથે કામ કરી રહી છે.

### (બાઇટ - નરેન્દ્ર મોદી) PM DEMOCRATIC-PROCESS

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે,ભારત સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્ર તરીકે ઉભરી આવ્યું છે.

### (બાઇટ - નરેન્દ્ર મોદી) PM---ECONOMY

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતીય સંસદમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

### (બાઇટ - નરેન્દ્ર મોદી) PM ON-AI

. . . . . . . . . . . . . . . . . . . . . .

# DAY JAIPUR - ARMY DAY PARADE

જયપુરમાં આજે ૭૮મા સેના દિવસ નિમિત્તે એક ભવ્ય પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. જગતપુરાના મહેલ રોડ પર આયોજિત આ પરેડમાં ભારતીય સેનાની બહાદુરી, શિસ્ત અને આધુનિક લશ્કરી પરાક્રમનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સેનાની વિવિધ ટુકડીઓએ સલામી આપતા મંચ સામેથી કૂચ કરી,

આ કાર્યક્રમમાં સ્વદેશી મિસાઇલ સિસ્ટમ્સ, અદ્યતન ટેન્કો, લશ્કરી વાહનો, ડ્રોન અને હવા અને ટેન્ક વિરોધી શસ્ત્ર પ્રણાલીઓનો સમાવેશ થયો હતો. વિવિધ રેજિમેન્ટના સૈનિકોએ તેમના વિશિષ્ટ ગણવેશ, પરંપરાઓ અને પોતાનું કૌશલ્યનું પ્રદર્શન કર્યું. નેપાળ આર્મી બેન્ડે પણ પરેડમાં ભાગ લીધો હતો, જે બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલતી મિત્રતા અને સંરક્ષણ સહયોગને ઉજાગર કરે છે. બ્રહ્મોસ મિસાઇલ સિસ્ટમ, હેલિકોપ્ટર આધારિત શસ્ત્ર પ્લેટફોર્મ અને રોબોટિક કૂતરા પરેડના મુખ્ય આકર્ષણો હતા. રાજસ્થાનના કાલબેલિયા અને ગેર નૃત્યો સહિત સાંસ્કૃતિક પ્રદર્શન પણ આ પ્રસંગે શોભાયમાન હતા.

રાજ્યપાલ હરિભાઉ બાગડે, મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, રાજ્ય મંત્રીમંડળના સભ્યો, વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ અને મોટી સંખ્યામાં લોકોએ પરેડ નિહાળી.

સેના દિવસની ઉજવણીના ભાગ રૂપે, આજે સાંજે SMS સ્ટેડિયમ ખાતે શૌર્ય સંધ્યાનું આયોજન કરવામાં આવશે, જેમાં સંરક્ષણ મંત્રી રાજનાથ

સિંહ ઉપસ્થિત રહેશે. શહેરમાં સાંજે 4 થી રાત્રે 8 વાગ્યા સુધી ટ્રાફિકની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## PREZ-VP-PM-ARMY DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ .પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના બહાદુર સૈનિકો, નિવૃત્ત સૈનિકો અને તેમના પરિવારોને આજે સેના દિવસ નિમિતે શુભેચ્છાઓ પાઠવી છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ભારતીય સેના રાષ્ટ્રની એકતા, સાર્વભૌમત્વ અને અખંડિતતાના રક્ષણમાં અડગ છે. તેમણે કહ્યું કે ભારતીય સૈનિકો દેશની સરહદોનું રક્ષણ કરે છે અને આપત્તિઓ અને માનવતાવાદી કટોકટી દરમિયાન મહત્વપૂર્ણ સહાય પૂરી પાડે છે. તેમણે કહ્યું "રાષ્ટ્ર પ્રથમ" ની તેમની અતૂટ ભાવના દરેક ભારતીયને પ્રેરણા આપે છે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે રાષ્ટ્રની રક્ષામાં સૈનિકોની અતૂટ હિંમત, શિસ્ત અને સર્વોચ્ચ બલિદાન દરેક નાગરિકને પ્રેરણા આપે છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે રાષ્ટ્ર તેમની નિઃસ્વાર્થ સેવા અને દેશની એકતા અને અખંડિતતા પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતાનું સન્માન કરે છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે રાષ્ટ્ર ભારતીય સેનાની હિંમત અને અડગ પ્રતિબદ્ધતાને સલામ કરે છે. તેમણે સૈનિકોને નિઃસ્વાર્થ સેવાના પ્રતિક તરીકે વર્ણવતા કહ્યું કે તેઓ પડકારજનક પરિસ્થિતિઓમાં પણ રાષ્ટ્રનું રક્ષણ કરે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમનું સમર્પણ સમગ્ર દેશમાં વિશ્વાસ અને કૃતજ્ઞતાની ભાવનાને પ્રેરણા આપે છે. શ્રી મોદીએ ફરજ બજાવતા પોતાના જીવનું બલિદાન આપનારા સૈનિકોને પણ યાદ કર્યા.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## VP, PM - PONAGAL, SANKRANTHI

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પોંગલ અને સંક્રાંતિના પર્વ પર સૌને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે આ પાકનો તહેવાર આપણને પ્રકૃતિ અને ખેડૂતો પ્રત્યે રાષ્ટ્રની ઊંડી કૃતજ્ઞતાની યાદ અપાવે છે. તેમણે આ તહેવાર દરેક ઘરમાં સમૃદ્ધિ, સંવાદિતા અને નવી આશા લાવે તેવી આશા વ્યક્ત કરી.

પ્રધાનમંત્રી મોદીએ પોતાના સંદેશમાં કહ્યું કે પોંગલ લોકોને એક કરે છે અને સમાજમાં સંવાદિતા અને સદ્ભાવનાની ભાવનાને પ્રોત્સાહન આપે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ તહેવાર કૃષિના મહત્વ અને શ્રમના ગૌરવને

પણ ઉજાગર કરે છે. તેમણે આશા વ્યક્ત કરી કે પોંગલ દરેકની આકાંક્ષાઓને સાકાર કરવા માટે નવી ઉર્જા લાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## PREZ-PUNJAB

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમના બે દિવસના રાજ્ય પ્રવાસ પર પંજાબ પહોંચ્યા છે. તેઓ આજે અમૃતસર ખાતે ગુરુ નાનક દેવ યુનિવર્સિટી **(GNDU)** ના **50**મા સુવર્ણ જયંતિ દિક્ષાંત સમારોહમાં મુખ્ય મહેમાન છે. અહીં તેઓ **463** વિદ્યાર્થીઓને ડિગ્રી અને મેડલ અર્પણ કરશે.આવતીકાલે, રાષ્ટ્રપતિ જલંધર ખાતે ડૉ. બી.આર. આંબેડકર નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના **21**મા દિક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને ડિગ્રી અર્પણ કરશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ તેઓ સંસ્થામાં એક ઉચ્ચ-માસ્ટ રાષ્ટ્રીય ધ્વજ અને સાયબર સુરક્ષા અને **5G** અને બિયોન્ડ માટે બે શ્રેષ્ઠતા કેન્દ્રોનું ઉદ્ઘાટન પણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગુજરાતના અમદાવાદમાં ગુજરાતી ભાષામાં પ્રકાશિત આદિ શંકરાચાર્યજીની ગ્રંથાવલિનું વિમોચન કર્યું પાલડીના ટાગોર હૉલ ખાતે સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત અને ડૉક્ટર ગૌતમ પટેલ સંપાદિત આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલિના વિમોચન સમારોહને સંબોધતાં શ્રી શાહે આ વાત કહી. તેમણે આ ગ્રંથાવલિનું સંપાદન અને પ્રકાશનને ડૉક્ટર ગૌતમ પટેલના જીવનની સૌથી મોટી સિદ્ધિ ગણાવી હતી. દરમિયાન શ્રી શાહે સ્વામી અખંડાનંદજીને પણ યાદ કર્યા હતા.

**(BYTE: AMIT SHAH, HOME MINISTER)**

. . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## EC HEARING VIOLENCE

પશ્ચિમ બંગાળ મુર્શિદાબાદના ફરક્કા ખાતે આયોજિત સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન, SIR સુનાવણી શિબિરમાં થયેલી હિંસક ઘટના બાદ ચૂંટણી પંચે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના CEO કાર્યાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્થાનિક BDO એ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તોફાની તત્વો વિરુદ્ધ FIR દાખલ કરી છે. CEO કાર્યાલયે ઘટનાની વિગતવાર સમીક્ષા માટે જિલ્લા ચૂંટણી અધિકારી DEO પાસેથી FIR ની નકલ મંગાવી છે.

સાક્ષીઓ અને સ્થાનિક અહેવાલોનો આરોપ છે કે સ્થાનિક તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય મોનિરુલ ઇસ્લામની હાજરીમાં તોડફોડ થઈ હતી. અધિકારીઓ હાલમાં ભંગાણ અને મિલકતના નુકસાન માટે જવાબદાર લોકોની શોધખોળ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## IRAN AIRSPACE CLOSING

રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો પર તેહરાન દ્વારા કરવામાં આવેલા હિંસક પ્રદર્શનોને લઈને અમેરિકા સાથે તણાવ વધી રહ્યો હોવાથી ઈરાને આજે વહેલી સવારે કોઈ સમજૂતી વિના વાણિજ્યિક વિમાનો માટે પોતાના હવાઈ ક્ષેત્રને બંધ કરવાનો આદેશ લંબાવ્યો.

સરકારે કોઈ સ્પષ્ટતા આપી નથી, જોકે અધિકારીઓએ અટકાયત કરાયેલા વિરોધીઓ પર ઝડપી કેસ ચલાવવા અને ફાંસીની સજા ફટકારવાનો સંકેત આપ્યો છે અને જો અમેરિકા અથવા ઇઝરાયલ હસ્તક્ષેપ કરશે તો બદલો લેવાની ચેતવણી આપી છે.

હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ્સ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, આ કાર્યવાહીમાં ઓછામાં ઓછા બે હજાર 615 લોકો માર્યા ગયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## KERALA - HIGH COURT

કેરળમાં, કેરળ હાઈકોર્ટની દેખરેખ હેઠળની ખાસ તપાસ ટીમે સબરી માલા સોનાના વિવાદ કેસમાં ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડના ભૂતપૂર્વ સભ્ય કે.પી. શંકરદાસની ધરપકડ કરી હતી. આ કેસમાં 11મા આરોપી શંકરદાસની એક ખાનગી હોસ્પિટલમાંથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યાં તે સારવાર હેઠળ હતો.

. . . . . . . . . . . . . . . . . . . . .